# વાલીપણું

(1983 ના માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 7)

| | |
|---|---|
| 1. દર્દીનું નામ | |
| 2. તમારા વાલીનું<br>2.1 નામ | |
| 2.2 સરનામું | |
| 2.3 ટેલિફોન નં. | |
| 3. તમારા જવાબદાર સ્થાનિક સામાજિક સેવા અધિકારી | |

## વાલીપણું શું છે?

1983ના માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 7 અન્વયે, બે ડોકટરોએ આમ કરવું જરૂરી હોવાનું જણાવ્યું હોય, તો જેઓને માનસિક વિકૃત્તિ હોય તેવા લોકોને મદદ કરવા તેઓને મદદ કરવા વાલી સોંપી શકાય.

તમારા વાલી તમારા સ્થાનિક સામાજિક સેવા અધિકારી હોઈ શકે, અથવા સામાજિક સેવા અધિકારી દ્વારા માન્ય કરવામાં આવી હોય તેવી કોઈ વ્યકિત હોઈ શકે. તમારા વાલી સામાજિક સેવા અધિકારી ન હોય, તો તેઓને ‘ખાનગી વાલી’ કહે છે.

તમારા વાલીને તમને નીચેની બાબતો કહેવાનો કાયદેસર અધિકાર છે:

- તમારે કયાં રહેવું જોઇશે
- માનસિક સારવાર, કામ, શિક્ષણ કે તાલીમ માટે નિયત સ્થળ અને નિયત સમયે એપોઈન્ટમેન્ટ વખતે હાજર રહેવું
- ડોકટર કે બીજી વ્યકિતને તમને તપાસે તેની છૂટ આપવી.

## મને શા માટે વાલીની જરૂર છે?

તમને માનસિક વિકૃતિ હોવાને કારણે સમુદાયમાં રહેવા માટે તમને મદદની જરૂર હોવાનું બે ડોકટરોને લાગે અને તમારા પોતાના કલ્યાણ માટે કે બીજા લોકોને રક્ષણ આપવા તમારે વાલીની જરૂર હોય.

## તે કેટલો સમય રહેશે?

વાલીપણું પ્રથમ છ મહિના માટે રહે છે.

તમારું વાલીપણું બીજા છ મહિના માટે તાજું કરી શકાશે, અને તમારા જવાબદાર ચિકિત્સક કે તમારા નિયુકત તબીબી અટેન્ડન્ટને લાગે કે આ જરૂરી છે તો તેમને વધુ એક વર્ષ માટે ફરીથી રાખી શકાશે. તેઓ નજદીકના સમયે આ અંગે તમારી સાથે વાત કરશે.

તમારા જવાબદાર ચિકિત્સક એ ડોકટર હોય, કે બીજી વ્યકિત હોય, તો તેને સ્થાનિક સમાજિક સેવા અધિકારી પૂછશે કે તમારે હજુ વાલીની જરૂર છે કે કેમ. તમારી પાસે ખાનગી વાલી હોય, તો ડોકટર, નિયુકત તબીબી અટેન્ડન્ટને બદલે આમ કરશે.

## શું હું અપીલ કરી શકું?

તમે વાલીને બંધ કરવા માગો, તો તમારે તમારા વાલી, તમારા સામાજિક કાર્યકર, તમારા જવાબદાર ચિકિત્સક કે તમારા નિયુકત અટેન્ડન્ટ સાથે વાત કરવી જોઇએ.

તમે તમારા વાલીને બંધ કરવાની જાણ કરતો પત્ર પણ સામાજિક સેવા તંત્રને લખી શકો. તમારે હજુ વાલીની જરૂર છે કે કે કેમ તે નક્કી કરતાં પહેલાં સામાજિક સેવા તંત્ર તરફથી કોઈક વ્યકિત તમારી સાથે વાત કરવાની ઈચ્છા રાખી શકે.

તમારા સૌથી નજીકના સંબંધી, સામાજિક સેવા તંત્રને લખીને વાલીપણું સમાપ્ત કરી શકે. આ પત્રિકા તમારા સૌથી નજીકના સંબંધી કોણ છે તેની વધુ સમજૂતિ આપે છે.

તમે ટ્રિબ્યુનલને પણ જણાવી શકો કે, તમારે વધુ વખત વાલીની જરૂર નથી.

## ટ્રિબ્યુનલ શું છે અને શું થાય છે?

ટ્રિબ્યુનલ એક સ્વતંત્ર પેનલ છે, જે નક્કી કરી શકે કે તમારે હજુ વાલીની જરૂર છે કે કેમ. તે તમારી અને તમને જાણતા હોય તે સ્ટાફ સાથે બેઠક રાખશે. આ બેઠકને ‘સુનાવણી’ કહે છે. તમે ઈચ્છો, તો સુનાવણીમાં તમને મદદ કરવા બીજા કોઈને તમે બોલાવી શકો. સુનાવણી પહેલાં, ટ્રિબ્યુનલના સભ્યો, તમારા અને તમારા વાલીપણા અંગેના અહેવાલો વાંચશે. ટ્રિબ્યુનલના સભ્યો પૈકી એક તમારી સાથે વાત કરવા પણ આવશે.

## હું ટ્રિબ્યુનલન કયારે અરજી કરી શકું?

તમારા વાલીપણાના છ મહિના દરમિયાન કોઈપણ સમયે એક વખત ટ્રિબ્યુનલને તમે અરજી કરી શકશો. ત્યારપછી તમે બીજા છ મહિના દરમિયાન અને પછી દર વર્ષે એક વખત ફરીથી અરજી કરી શકો કે, તમે હજુ વાલીપણ હેઠળ છો.

તમે ટ્રિબ્યુનલને અરજી કરવા માંગો તો તમે નીચેના સરનામે લખી શકો:

The Tribunals Service
PO BOX 8793
5th Floor
Leicester
LE1 8BN ટેલિ: 0845 2232022

તમે તમારા વતી ટ્રિબ્યુનલને લખવા અને સુનાવણી વખતે તમને મદદ કરવા સોલિસિટરને જણાવી શકો. આમાં નિષ્ણાતતા ધરાવતાં સોલિસિટરોની યાદી તમારા સામાજિક સેવા તંત્ર અને લો-સોસાયટી પાસે હોય છે. આ અંગે સોલિસિટરની મદદ લેવા તમારે ચુકવણી કરવી પડશે નહીં. કાનૂની સહાય યોજના હેઠળ આ વિના મૂલ્યની સેવા છે.

## તમારા સૌથી નજદીકના સંબંધીને જાણ કરવી

માનસિક આરોગ્ય અધિનિયમ જેને તમારા સૌથી નજીકના સંબંધી કહે તે વ્યકિતને આ પત્રિકાની નકલ આપશે.

માનસિક આરોગ્ય અધિનિયમમાં લોકોની યાદી હોય છે, જેઓને તમારા સંબંધીઓ તરીકે ગણવામાં આવે છે. સામાન્ય રીતે, તે યાદીમાં જે વ્યકિત સૌથી અગ્રિમ આવે તે તમારા સૌથી નજદીકના સંબંધી છે. તમારું સામાજિક સેવા તંત્ર, તમને પત્રિકા આપી શકશે, તેમાં આ અંગે તથા તમારી સંભાળ અને સારવાર સંબંધમાં તમારા સૌથી નજદીકના સંબંધી કેટલા હકો ધરાવે છે તે સમજાવે છે.

તમારા કેસમાં, અમને કહેવામાં આવ્યું છે કે તમારા સૌથી નજીકના સંબંધી કોણ છે:

| |
|---|
| |

આ પત્રિકાની નકલ આ વ્યકિતને આપવામાં ન આવે એમ ઈચ્છતા હોવ, તો તમારા વાલી, સામાજિક કાર્યકર કે જે વ્યક્તિએ તમને આ પત્રિકા આપી છે તેમને કહેવા વિનંતી.

આ વ્યક્તિ તમારા નજદીકના સંબંધી બનવા યોગ્ય નથી એમ વિચારો, તો તેના બદલે તમારા સૌથી નજદીકના સંબંધી તરીકે બીજી કોઈક વ્યકિતને ગણવા તમે કાઉન્ટિ કોર્ટને અરજી કરી શકો. તમારા સામાજિક સેવા તંત્ર આ અંગે સમજાવતી પત્રિકા તમને આપી શકશે.

## આચાર સંહિતા

આચાર સંહિતા એ છે જે તમારી સંભાળમાં સામેલ લોકોને માનસિક આરોગ્ય અધિનિયમ અંગે સલાહ આપે છે. તમારી સંભાળ અંગે તેઓ નિર્ણય લે ત્યારે આચાર સંહિતા શું કહે છે તે તેઓએ વિચારવાનું રહે છે. તમે ઈચ્છો, તો તમે સંહિતાની નકલ જોવાનું પૂછી શકો.

## વધુ મદદ અને માહિતી

તમારી સંભાળ અંગે કશું ન સમજાય તેવું હોય, તો તમારા વાલી, તમારા સામાજિક કાર્યકર કે અમારી સંભાળમાં સામેલ બીજી કોઈ વ્યકિતને પૂછવા વિનંતી. આ પત્રિકામાં કશું તમને ન સમજાય અથવા તમને બીજા કોઈ પ્રશ્નો હોય જેનો જવાબ આ પત્રિકામાં ન હોય તો તે સમજાવવા માટે સ્ટાફના સભ્યને પૂછવા વિનંતી.

તમારે બીજા કોઈ માટે આ પત્રિકાની નકલ જોઈતી હોય તો જણાવવા વિનંતી.